# અગ્રતા ક્રમ: ૧૪

વિભાગ: મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૨૪૯૮**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ: **૨૭.૦૨.૨૦૨૪** (બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક: **"પાટણ અને કચ્છ જિલ્લામાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત."**

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:

**માન. ધારાસભ્યશ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા)**

# અગ્રતા ક્રમ : ૧૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮

પાટણ અને કચ્છ જિલ્લામાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત.

## અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુખ્ય પ્રશ્ન | વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્ન | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | કચ્છ અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી? | શ્રી સુખાજી ઠાકોર ( બેચરાજી ) |
| પેટા પ્રશ્ન-૨ | કયા કયા પ્રકારના હેતુઓ માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે? | શ્રી સુખાજી ઠાકોર ( બેચરાજી ) |
| પેટા પ્રશ્ન-3 | સરકારી પડતર જમીન કઈ નીતિ અંતર્ગત ફાળવવામાં આવેલ છે? | શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા ( રાપર ) |
| પેટા પ્રશ્ન-૪ | જમીન ફાળવવાથી ગૌચરની જમીનમાં ઘટ ના પડે તે માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? | શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા ( રાપર ) |
| પેટા પ્રશ્ન-૫ | કચ્છ અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કયા કયા હેતુઓ માટે કેટલી સરકારી પડતર જમીન ફાળવવામાં આવી ? | |

## વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્નઃ

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંકઃ પ્ર/</u>

### ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/2498

વિષયઃ

પાટણ અનેકચ્છ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 31/01/2024 | 21/02/2024 | 08/02/2024 |

*15/4/2498 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

[મુખ્ય પેજ પર જાઓ]

## વિભાગે આપેલ જવાબઃ

Letter No: RD/1036/02/2024 Dt: 20-02-2024

"પાટણ અને કચ્છ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત"

*૧૫/૪/૨૪૯૮: માન. ધારાસભ્યશ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>૧.</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,</td><td>૧.</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>વર્ષ-૨૦૨૨</th><th>વર્ષ- ૨૦૨૩</th><th>કુલ</th></tr>
<tr><td>પાટણ</td><td>૬૬,૬૨૦ ચો.મી</td><td>૧,૦૨,૯૭૩ ચો.મી</td><td>૧,૬૯,૫૯૩ ચો.મી</td></tr>
<tr><td>કચ્છ</td><td>૧૭,૦૭,૨૬૫ ચો.મી</td><td>૨૬,૩૧,૮૫૩ ચો.મી</td><td>૪૩,૩૯,૧૧૮ ચો.મી</td></tr>
</table>
</td></tr>
<tr><td>૨.</td><td>ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને</td><td>૨.</td><td>૩,૪૧,૬૨,૭૮,૧૯૩/-</td></tr>
<tr><td>૩.</td><td>ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?</td><td>૩.</td><td>એક પણ નહીં.</td></tr>
</table>

---

ઓનલાઇન જવાબ મોકલવાની તારીખ: ૨૧/૦૨/૨૦૨૪

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

| જિલ્લો | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ | કુલ |
|---|---|---|---|
| પાટણ | ૬૬૬૨૦ ચોરસ મીટર (છાસઠ હજાર છસો વીસ) | ૧,૦૨,૯૭૩ ચોરસ મીટર (એક લાખ બે હજાર નવસો તોતેર) | ૧,૬૯,૫૯૩ ચોરસ મીટર (એક લાખ અગ્ણોસીતેર હજાર પાંચસો તાણું ) |
| કચ્છ | ૧૭,૦૭,૨૬૫ ચોરસ મીટર (સત્તર લાખ સાત હજાર બસો પાસઠ) | ૨૬,૩૧,૮૫૩ ચોરસ મીટર (છવ્વીસ લાખ એકત્રીસ હજાર આઠસો ત્રેપન) | ૪૩,૩૯,૧૧૮ ચોરસ મીટર (તેતાલીસ લાખ ઓગણચાલીસ હજાર એકસો અઠાર) |

**મુખ્ય પેજ પર જાઓ**

પ્રશ્નનું હાર્દ

મહેસૂલ વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ ના ઠરાવથી વિભાગના જુદા-જુદા ૭૫ જેટલા ઠરાવો સંકલિત કરી બિન ખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન ફાળવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

વધુમાં ગૌચરની જમીન ફાળવવા અંગે વિભાગની તા.૦૧/૦૪/૨૦૧૫, તા.૦૯/૦૩/૧૬ અને તા.૩૦/૬/૧૮ ના ઠરાવથી નિયત થયેલ ગૌચર નીતિ મુજબ જમીન ફાળવવામાં આવે છે.
રાજય સરકાર નીચે જણાવેલ વિવિધ હેતુઓ માટે જમીન ફાળવે છે.

- ઔદ્યોગિક હેતુઓ માટે
- રહેણાંકના હેતુઓ માટે
- રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, નિગમના જાહેર હેતુઓ માટે.
- ગુજરાત સરકારના વિવિધ વિભાગોને તેમની કચેરીઓ બનાવવાના હેતુ માટે.
- ભારત સરકારના ખાતાઓને જાહેર હેતુઓ માટે.
- નગર પાલિકા અને મહાનગરપાલિકાઓને તેમના ફરજીયાત અને મરજીયાત કાર્યોના હેતુઓ માટે.
- સમાજ ઉપયોગી સારી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા/ટ્રસ્ટોને જાહેર હેતુઓ માટે.
- રાજય સહકારી સંસ્થાઓ જેવી કે, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ, જિલ્લા/તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને નવા દૂધ ઉત્પાદક સંઘોના હેતુ માટે.

- ગૌશાળાના હેતુ માટે,
- વિન્ડ/સોલાર/વિન્ડ-સોલાર, હાઇબ્રીડ પાર્કના હેતુઓ માટે.

કચ્છ અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત નીચે મુજબની અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

| જિલ્લો | ૨૦૨૨ | ૨૦૨૩ | કૂલ |
|---|---|---|---|
| કચ્છ | ૧૪૯ | ૪૧ | ૧૯૦ |
| પાટણ | ૮ | ૬ | ૧૪ |
| કૂલ | ૧૫૭ | ૪૭ | ૨૦૪ |

**મુખ્ય પેજ પર જાઓ**

અગ્રતા ક્રમ : ૧૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮

<table>
<tr><td colspan="2">પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી સુખાજી ઠાકોર ( બેચરાજી )</td></tr>
<tr><td>પ્રશ્ન ૧</td><td>કચ્છ અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી?</td></tr>
<tr><td>જવાબ</td><td>
<table>
<tr><th>જિલ્લો</th><th>૨૦૨૨</th><th>૨૦૨૩</th><th>કુલ</th></tr>
<tr><td>કચ્છ</td><td>૧૪૯</td><td>૪૧</td><td>૧૯૦</td></tr>
<tr><td>પાટણ</td><td>૮</td><td>૬</td><td>૧૪</td></tr>
<tr><td>કુલ</td><td>૧૫૭</td><td>૪૭</td><td>૨૦૪</td></tr>
</table>
</td></tr>
</table>

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૧૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી સુખાજી ઠાકોર ( બેચરાજી ) | |
|---|---|
| **પ્રશ્ન ૨** | કયા કયા પ્રકારના હેતુઓ માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે? |
| **જવાબ** | રાજ્ય સરકાર દ્વારા મુખ્યત્વે<br>• રહેણાંક હેતુ માટે<br>• ઔદ્યોગિક હેતુ માટે<br>• ટ્રસ્ટને ધાર્મિક, સખાવતી અને સેવાકીય પ્રવૃતિઓ માટેના હેતુ માટે<br>• સંરક્ષણના હેતુસર બી.એસ.એફ માટે,<br>• રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન (જેટકો, જી.આઈ.ડી.સી., ગુજરાત ગટર વ્યવસ્થા અને પાણી પુરવઠા બોર્ડ) માટે તથા<br>• અન્ય હેતુઓ માટે જમીન ફાળવવામાં આવેલ છે. |

**મુખ્ય પેજ પર જાઓ**

અગ્રતા ક્રમ : ૧૪

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા ( રાપર ) | |
| પ્રશ્ન 3 | સરકારી પડતર જમીન કઈ નીતિ અંતર્ગત ફાળવવામાં આવેલ છે? |
| જવાબ | |

| હેતુ | સરકારની નીતિ |
|---|---|
| રહેણાંકના હેતુ | વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ના ઠરાવથી બજારકિંમતે / રાહત દરે જમીન ફાળવવામાં આવે છે. |
| ઔદ્યોગિક હેતુ | વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ના ઠરાવથી બજારકિંમત વસૂલ લઈ જમીન ફાળવવામાં આવે છે. |
| ટ્રસ્ટને ધાર્મિક, સખાવતી અને સેવાકીય પ્રવૃતિઓ માટે | વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ના ઠરાવથી બજારકિંમત / ૫૦% રાહત કિંમત વસૂલ લઈ જમીન ફાળવવામાં આવે છે. |
| સંરક્ષણના હેતુસર બી.એસ.એફ., | વિભાગના તા.૨૭/૦૩/૧૯૮૦ના ઠરાવથી ભારત સરકારના ખાતાઓને બજારકિંમત વસૂલ લઈ જમીન ફાળવવામાં આવે છે. |
| રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન વિગેરેને (જેટકો, જી.આઈ.ડી.સી., ગુજરાત ગટર વ્યવસ્થા અને પાણી પુરવઠા બોર્ડ) | જેટકો અને ગુજરાત ગટર વ્યવસ્થા અને પાણી પુરવઠા બોર્ડ - વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ના ઠરાવથી બજારકિંમત વસૂલ લઈ જમીન ફાળવવામાં આવે છે.<br>જી.આઈ.ડી.સી. – ૨૨/૦૫/૨૦૧૮ના ઠરાવથી માંગણીવાળી જમીન પૈકી ૭૦% જમીન ૫૦% રાહતદરે અને બાકીની ૩૦% જમીન ૧૦૦% બજારકિંમત વસૂલ લઈ ફાળવવામાં આવે છે.<br>**નગર પાલિકા / મહાનગરપાલિકા** – તા.૨૦/૦૯/૨૦૧૪ ના ઠરાવથી જમીનની જંત્રી આધારિત કિંમતના ૧૦% વસૂલ લઈ ફાળવવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | **વિન્ડફાર્મ પ્રોજેક્ટ માટે જમીન ભાડાપટ્ટે ફાળવવા** | વિભાગના તા.૧૧/૦૬/૨૦૦૪ના ઠરાવ અને ત્યારબાદ થયેલ ઉત્તરોત્તર સુધારાને આધિન ૨૦ વર્ષ માટે રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેકટર પ્રતિ વર્ષ વસૂલ લઈ જમીન ભાડાપટ્ટે ફાળવવાની જોગવાઈ થયેલ છે. ૨૦ વર્ષ બાદ ભાડાપટ્ટો લંબાવવા વિચારણા કરી શકાય છે. |

**મુખ્ય પેજ પર જાઓ**

**અગ્રતા ક્રમ : ૧૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા ( રાપર ) | |
|---|---|
| **પ્રશ્ન ૪** | જમીન ફાળવવાથી ગૌચરની જમીનમાં ઘટ ના પડે તે માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે? |
| **જવાબ** | વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫, તા.૦૯/૦૩/૨૦૧૬ અને તા.૩૦/૦૬/૨૦૧૮ના ઠરાવથી આવશ્યકતા જણાયે ગૌચર જમીન ફાળવવાની થાય તો સામે તેટલી જ ખાનગી / સરકારી પડતર જમીન ગૌચર હેડે નીમ કરવામાં આવે છે, જેથી ગૌચરની જમીનમાં ઘટાડો થતો નથી<br>વધુમાં, ઔદ્યોગિક હેતુસર માંગણી થાય તો જંત્રી આધારિત કિંમતના ૪૦% અને સંરક્ષણ તથા રાજ્ય સરકારના બોર્ડ કોર્પોરેશન વિગેરે દ્વારા માંગણી કરવામાં આવે તો જંત્રી આધારિત કિંમતના ૩૦% રકમ ગૌચર સુધારણા પેટે વસૂલ લેવામાં આવે છે. |

**મુખ્ય પેજ પર જાઓ**

**અગ્રતા ક્રમ : ૧૪**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૪૯૮**

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ | |
|---|---|
| **પ્રશ્ન ૫** | કચ્છ અને પાટણ જિલ્લા માં છેલ્લા બે વર્ષમાં ક્યા-ક્યા હેતુઓ માટે કેટલી સરકારી પડતર જમીન ફાળવવામાં આવી ? |
| **જવાબ** | પત્રક મુજબ |

| હેતુ | કચ્છ | પાટણ |
|---|---|---|
| રહેણાંક હેતુ માટે | ૭૪ | - |
| શૈક્ષણિક, સામાજીક સાંસ્કૃતિક, હેતુઓ માટે | ૪ | ૧ |
| ગૌશાળાના હેતુ માટે | ૨ | - |
| સરંક્ષણના હેતુ માટે | ૨૮ | ૨ |
| સબ સ્ટેશનના હેતુ માટે | ૨૨ | ૭ |
| ઔદ્યોગિક હેતુ માટે | ૫ | - |
| ફળ ઝાડના હેતુ માટે | ૪ | - |
| વિન્ડફાર્મના હેતુ માટે | ૫૦ | - |
| સહકારી મંડળી માટે | ૧ | ૧ |
| રેલવે માટે | - | 3 |
| કુલ | ૧૯૦ | ૧૪ |

**મુખ્ય પેજ પર જાઓ**